## અમરેલી નાગરિક સહકારી બેંક લી.,અમરેલી.

**સ્થાવર મિલકતના તારણ સામે ધિરાણના નિયમો :–**

(૧) બેંકના ધિરાણ અંગેના સામાન્ય નિયમો ઉપરાંત નીચેના નિયમોને ધ્યાનમાં રાખીને આવુ ધિરાણ ફકત બેંકના સભાસદોને આપી શકાશે.

(૨) અરજદારે અન્ય બેંકમાંથી લોન કે કેશ ક્રેડીટ લીધી હશે તો સદરહુ બેંકનું "નોડયુ" આપવાનું રહેશે.

(૩) આવા ધિરાણ ખાતામાં દર માસે વ્યાજ ઉધારવામાં આવશે જે મુદલમાં ગણી તેના ઉપર વ્યાજ ગણવામાં આવશે.

(૪) આ પ્રકારની લોન / કેશ ક્રેડીટ લેનાર પાસેથી બેંકની તરફેણમાં સ્થાવર મિલકતનો ગીરો કરાવી લેવામાં આવશે. આવા દસ્તાવેજનો જે કાંઈ ખર્ચ થાય તે લોન લેનારે ભોગવવાનો રહેશે.

(૫) બેંકના લીગલ એડવાઈઝર અથવા અન્ય નિયત કાયદાના વકીલો પાસેથી સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવાનું રહેશે તેમજ સદરહુ મિલકતનું વેલ્યુએશન બેંકેના માન્ય વેલ્યુઅર પાસેથી કરાવવાનું રહેશે. વકીલ ફી તથા વેલ્યુએશન ફી અરજદારે ભોગવવાની રહેશે.

(૬) આ પ્રકારની લોન / કેશ ક્રેડીટ લેનારને તારણમાં મુકેલ મિલ્કતના વેલ્યુએશનના વધુમાં વધુ ૬૬.૬૭% સુધી પરંતુ બેંકની એકસપોઝર લીમીટની મર્યાદાથી ન વધે તેટલી રકમ આપી શકાશે.

(૭) આ પ્રકારની લોન / કેશ ક્રેડીટ સ્થાવર મિલકત સામે આપવામાં આવે છે જો મિલ્કતની કિંમત લોન/ કેશ ક્રેડીટની રકમથી દોઢ ગણી હશે તો જામીન આપવાની જરૂર રહેશે નહી. પરંતુ બેંકને જરૂર લાગે તો એક કે તેથી વધુ જામીન લેવામાં આવશે.

(૮) આ પ્રકારની લોન સભાસદની નાણાં પરત કરવાની શકિતને ધ્યાનમાં લઈને આપવામાં આવશે જે લોન લેનારે વધુમાં વધુ ૧૨૦ માસમાં માસીક હપ્તેથી ભરપાઈ કરવાની રહેશે.

(૯) જો આ પ્રકારની લોન હાઉસીંગ લોનના સ્વરૂપમાં આપવામાં આવશે તો વધુમાં વધુ ૧૮૦ માસમાં માસિક હપ્તેથી ભરપાઈ કરવાની રહેશે.

(૧૦) આ પ્રકારની કેશ ક્રેડીટ વેપાર–ધંધો કરતા હોય તેવા સભાસદને પેઢીના નામે તેમના ધંધાના વિકાસ માટે એક વર્ષની મુદત માટે આપવામાં આવશે જે દર વર્ષે રીન્યુ કરી શકાશે.

(૧૧) બેંકનું લેણુ બાકી હશે ત્યાં સુધી કરજદારની થાલમાં રાખેલ સ્થાવર મિલકતનું ઈન્સ્પેકશન કરવા માટે તારણમાં આપેલ મિલકતમાં પ્રવેશ કરવાનો બેંકના અધિકારીઓનો હકક રહેશે.

(૧૨) જરૂર જણાયે સ્થાવર મિલકત ઉપર બેંકનું બોર્ડ કે નામ રાખવામાં આવશે.

(૧૩) સદરહુ મિલકતનો બાંધકામની કિંમતનો વિમો બેંકની તરફેણમાં ઉતારાવવાનો રહેશે અને તેનુ પ્રિમીયમ કરજદારે ભોગવવાનું રહેશે.

(૧૪) આ નિયમોમાં વખતોવખત સુધારા–વધારા કરવાનો બેંકના બોર્ડને અધિકાર રહેશે.